જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૧/૦૧/૨૦૨૨ શુક્રવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૧૩૦/૨૦૨૨

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૦/૦૧/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૭૩૮	૦	૧૧૭૩૮	૧૭૮૪૮	૦	૧૭૮૪૮
૨	કલમ ૨૬૯, ૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૩૩	૦	૪૭૩૩	૬૨૮૨	૦	૬૨૮૨
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૧૨૭	૦	૧૨૭	૩૯૯	૦	૩૯૯
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૭૯૫૨૩	૨૦૨	૭૯૭૨૫	૮૦૫૭૨	૨૧૧	૮૦૭૮૩
કુલ		૯૬૧૨૧	૨૦૨	૯૬૩૨૩	૧૦૫૧૦૧	૨૧૧	૧૦૫૩૧૨

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૪૮	૪,૬૧,૯૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૯૨૪	૯,૨૪,૦૦૦/-

પાસા અટકાયતની વિગત

રાણીપ પોલીસ સ્ટેશન

મિલ્કત સબંધી ગુના આચરતા આરોપીની પાસા હેઠળ અટકાયત કરતી રાણીપ પોલીસ

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તેમજ ખાસ પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૧, અમદાવાદ શહેર નાઓની સુચના આધારે તેમજ ના.પો.કમિ.શ્રી ઝોન-૨, અમદાવાદ શહેર તેમજ મ.પો.કમિ.શ્રી "એલ" ડીવીઝન અમદાવાદ શહેર નાઓના માર્ગદર્શન હેઠળ તથા હુકમ અનુસાર રાણીપ પોલીસ સ્ટેશન વિસ્તારમાં દાખલ થયેલ મિલકત સબંધી ગુનામા પકડાયેલ આરોપી દ્વારા આચરવામા આવતા ગુનાની આ પ્રવૃત્તીઓ સદંતર નેસ્તનાબુદ કરવા અંગે સુચન કરેલ હોઇ જે સુચના આધારે પોલીસ ઇન્સપેક્ટર જે.બી.ખાંભલા નાઓ દ્વારા, દાખલ થયેલ મિલકત સબંધી ગુના (૧) વસ્ત્રાપુરપો.સ્ટે.પાર્ટ એ ગુ.ર.નં-૧૧૧૯૧૦૨૦૨૦૧૫૨૦/૨૦૨૦ ઇપીકો. કલમ ૩૬૫, ૩૯૨,૧૧૪ મુજબ તથા (૨) રાણીપ પો.સ્ટે.પાર્ટએ ગુ.ર.નં-૧૧૧૯૧૦૦૨૨૧૧૨૮૯/૨૦૨૧ ઇપીકો. કલમ ૪૦૬,૪૨૦ ૧૧૪ મુજબ મુજબના કામે પકડાયેલ આરોપી પુનમ ઉર્ફે પુનિયો રાજુભાઇ રાઠોડ (મારવાડી) ઉ.વ ૩૦ રહે: નોબલ નગર ટેનામેંન્ટ , પાણીની ટાંકી પાસે , નોબલ નગર, સરદાર નગર, અમદાવાદ શહેર શહેર નાઓની વિરુદ્ધમા પાસા દરખાસ્ત ભરી મોકલી આપતા પોલીસ કમીશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓએ આરોપીને પાસા અટકાયતમાં લેવા પાસા હુકમ ક્રમાંક/પીસીબી/ ડીટીએન/પાસા/૭૨/૨૦૨૨ તા.૨૦/૧/૨૦૨૨ રોજથી હુકમ કરતા સદર આરોપીને રાણીપ પોલીસ સ્ટેશન ખાતે પકડી લાવી તારીખ:-૨૨/૧૨/૨૦૨૧ ના કલાક ૨૨/૦૦ વાગે પાસા અટકાયતના હુકમની બજવણી કરી આરોપીને મધ્યસ્થ જેલ રાજકોટ ખાતે યોગ્ય જાપ્તા સાથે મોકલી આપવા તજવીજ કરેલ છે.

કામગીરી કરનાર કર્મચારી

(૧) અ.હે.કો. પ્રવીણકુમાર દલસંગભાઇ બ.નં. ૪૦૮૧
(૨) અ.લો.ર.શૈલેષકુમાર મહાદેવભાઇ બ.નં.૯૭૫૪



શહેરકોટડા પોલીસ સ્ટેશન

મિલકત સબંધી તથા શરીર સબંધી ગુનાની પ્રવૃત્તિ સાથે સંકળાયેલ આરોપીની પાસા હેઠળ અટકાયત કરતી શહેરકોટડા પોલીસ

મે.પોલીસ કમીશ્નર શ્રી અમદાવાદ શહેરનાઓની તથા સંયુક્ત પો.કમિ.શ્રી સેક્ટર-૧ સાહેબની સુચના આધારે તેમજ ના.પો.કમી.શ્રી ઝોન-૩ સાહેબ તથા મ.પો.કમી.શ્રી ડી-ડીવીઝન અમદાવાદ શહેરના માર્ગદર્શન હેઠળ શહેરકોટડા પોલીસ સ્ટેશનના પો.ઈન્સ. કે.બી.સાંખલા તથા પો.ઇન્સ ડી.બી.ડાભી નાઓની સુચના આધારે સ્ટાફના માણસો દ્વારા આરોપીને પકડી લાવતા પુષ્પેન્દ્ર ઉર્ફે સોનુ નારણસિંહ રાઠોડ(રાજપુત) ઉ.વ.૨૭ રહે, મામાની કીટલીની બાજુમાં સૈજપુર ટાવર પાસે ફુટપાથ ઉપર, સૈજપુર બોઘા અમદાવાદ શહેર મુળવતન ગામ-બ્યાવર ભીમીયાજીકી થાન પાસેમ જી-અજમેર, રાજસ્થાન નાઓની વિરુધ્ધમાં (૧) શહેરકોટડા પો.સ્ટે. પાર્ટ-એ ગુ.ર.નં.૧૧૧૯૧૦૪૧૨૧૨૪૬૩/૨૦૨૧ ઈપીકો ૩૭૯ મુજબ તથા નં.(૨) કૃષ્ણનગર પો.સ્ટે. પાર્ટ-એ ગુ.ર.નં.૧૧૧૯૧૦૧૩૨૧૧૫૨૨/૨૦૨૧ ઈપીકો કલમ ૩૨૪, ૩૨૩, ૨૯૪(ખ), ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી.એક્ટ કલમ ૧૩૫(૧) મુજબના ગુનામાં મે.પો.કમિ.શ્રી અમદવાદ શહેર ના પાસા અટકાયતી હુકમ ક્રમાંક-પીસીબી/ડીટીએન/પાસા/૭૦/૨૦૨૨ તા.૨૦/૦૧/૨૦૨૨ ના રોજ પાસા હુકમ થયેલ હોય આરોપીને તા.૨૦/૦૧/૨૦૨૨ ના કલાક ૨૨/૦૦ વાગે પાસા હુકમની બજવણી કરી આરોપીને મધ્યસ્થ જેલ રાજકોટ ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે.



નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૩૧/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૩ કેસ કરી, ૩૦ વ્યક્તિઓને ઝડપી, ૪૩ લીટર દેશી દારૂ, ૮૪ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૫૫ બિયર ટીન કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૨ કેસ કરી ૭ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૭,૯૫૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૩૨/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૬૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

છેતરપીંડીની ફરીયાદઃ- **સમાચાર યાદી નં.૧૩૩/૨૦૨૨**

કાગડાપીઠઃ (૧) રોહિતકુમાર વિજયકુમાર અગ્રવાલ (ઉ.વ.૩૬) (રહે. સ્વાતી ક્રીશેન્થા શેલા) એ તા.૨૦/૦૧/૨૦૨૨ ના રોજ કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે સને ૨૦૧૭ થી આજદીન સુધી રોહિતકુમાર અગ્રવાલનો વિશ્વાસ અને ભરોસો કેળવી ન્યુ કોથ માર્કેટ દુકાન નં.૩૬૨ ખાતેથી આરોપી જીમીલ ક્રીએશનના માલીક હિતેષભાઇ ઉર્ફે કાલુ (રહે. મુનશી ચેમ્બર્સ રેવડીબજાર કાલુપુર) કાપડનો માલ કિમત રૂપિયા ૪,૯૬,૪૫૦/- ખરીદી કરી આજદીન સુધી નાણા નહી ચુકવી વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.વી.સોલંકી ચલાવે છે.

કાગડાપીઠઃ (૨) રાજુલકુમાર જયેશભાઇ શાહ (ઉ.વ.૩૦) (રહે. નેહલ પાર્ક આદીનાથનગર ઓઢવ) એ તા.૨૦/૦૧/૨૦૨૨ ના રોજ કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે સને ૨૦૧૮ થી ૨૦૨૦ સુધીના સમયગાળા દરમ્યાન કાકરીયા મ્યુનિસિપલ વર્કશોપ કાકરીયા ફુટબોલ ગ્રાઉંડ પાસે અમુલ ડેરી સામે આરોપી જિતેન્દ્રભાઇ જશુભાઇ પટેલ (રહે. ટ્વીંકલ સ્ટાર એપાર્ટમેન્ટ હીરાબા રેલ્વે ક્રોસિંગ પાસે આંબાવાડી એલીસબ્રીજ) એ નવી બનતી સાઈટ નો સબ કોન્ટ્રાક્ટ આપી કમિશનના બાકી નીકળતા અંદાજીત રૂપિયા ૪૯,૦૦,૦૦૦/- નહી ચુકવી વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.બી.પટેલ ચલાવે છે.

ઘરફોડઃ- **સમાચાર યાદી નં.૧૩૪/૨૦૨૨**

શહેરકોટડાઃ કેતનભાઇ કલ્યાણભાઇ આહીર (રહે. બોમ્બે હાઉસીંગ બોર્ડ મંસાની મસ્જીદ સામે અનિલ સ્ટાર્ચ રોડ બાપુનગર) એ તા.૨૦/૦૧/૨૦૨૨ ના રોજ શહેરકોટડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૭/૦૧/૨૦૨૨ બપોરના ૧/૩૦ થી તા.૧૯/૦૧/૨૦૨૨ સવારના ૧૦/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનો નકુચો તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી લોખંડની તીજોરીમાંથી સોના-ચાંદીના દાગીના, ચાંદીના સિક્કા, ચાંદીની મુર્તી અને રોકડ રૂપિયા ૧૫,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૪૯,૫૪૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ મ.સ.ઇ.શ્રી રામસિંહ જુજારસિંહ ચલાવે છે.

વેજલપુરઃ અનિલભાઈ ચન્દ્રકાન્તભાઈ રાણા (રહે. વિનાયક એપાર્ટમેન્ટ શિવાલય ફ્લેટ પાસે વેજલપુર ગામ) એ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૦/૦૧/૨૦૨૨ સવારના ૧૦/૦૦ થી બપોરના ૪/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી લોખંડની તીજોરીમાંથી સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૯૨,૨૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.સી.પરમાર ચલાવે છે.

માધવપુરાઃ સલીમમોહમંદ સ/ઓ સમીમમોહમંદ મલખાન (રહે. મક્કાનગર સોસાયટી શાંતિનીકેતન સ્કુલની બાજુમા જુહાપુરા) એ તા.૨૦/૦૧/૨૦૨૦ ના રોજ માધવપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૩/૦૧/૨૦૨૨ રાતના ૮/૦૦ થી તા.૧૭/૦૧/૨૦૨૨ સવારના ૯/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન દુધેશ્વર રોડ રવિ એસ્ટેટમાં જી/૯ નંબરના હેપ્પી પ્રિંટર્સ નામના કારખાનાના પાછળના ભાગે લગાવેલ એ.સી.ના આઉટડોર કમ્પ્રેશરની લોખંડની જાળી વાટે અજાણી વ્યક્તિ કારખાનામાં પ્રવેશ કરી સ્ક્રેપ પ્લેટો કિમત રૂપિયા ૭૦,૦૦૦/- ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.જે.ચાવડા ચલાવે છે.

<u>ચોરીઃ-</u> **<u>સમાચાર યાદી નં.૧૩૫/૨૦૨૨</u>**

રાણીપઃ કિર્તીભાઇ માધવલાલ પટેલ (ઉ.વ.૫૫) (રહે. અમીપાર્ક સોસાયટી કડી જી-મહેસાણા) એ રાણીપ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૦/૦૧/૨૦૨૨ કલાક ૧૨/૦૦ થી ૧૨/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન રાણીપ એસ.ટી.બસ ડેપો સામેથી રાણીપ બલોલનગર ચાર રસ્તા સુધીની શટલ ઓટો રિક્ષાની મુસાફરી દરમ્યાન ઓટોરીક્ષા ચાલકની મદદગારીથી ઓટોરીક્ષામા બેઠેલ ત્રણ વ્યક્તિઓએ કિર્તીભાઈ પટેલની નજર ચુકવી બેગમાંથી સોના-ચાંદીના દાગીના કિમત રૂપિયા ૧,૨૪,૦૦૦/- મતાની ચોરી કરી લીધી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એન.સી.ચૌહાણ ચલાવે છે.

શાહીબાગઃ વિપુલકુમાર ડાહ્યાલાલ મોદી (ઉ.વ.૪૮) (રહે. નીજંરીપુજ સોસાયટી રાધાસ્વામી સત્સંગ પાસે જુના રાણીપ) તા.૨૦/૦૧/૨૦૨૨ સાંજના ૫/૧૫ વાગ્યાના સુમારે બળીયા લીંબડી ચાર રસ્તા પાસે મંજુશ્રી મીલની જુની ચાલી ગેટ નં-૧ સામેથી કાર ચલાવી પસાર થઈ રહ્યા હતા ત્યારે મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ પૈકી એક પુરૂષે વિપુલકુમારની કાર નજીક આવી ગાડી જોઈને ચલાવવાનુ કહી બોલાચાલી કરી વિપુલકુમારને કારમાંથી નીચે ઉતરવા પ્રેરીત કરતા વિપુલકુમાર કારમાંથી નીચે ઉતરતા વિપુલકુમારની નજર ચુકવી બે પુરૂષ પૈકી એક પુરૂષે કારમાંથી રોકડ રૂપિયા ૪,૮૩,૭૦૦/- ચોરી કરી લઇ બન્ને પુરૂષ મોટર સાયકલ ઉપર બેસી નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ વિપુલકુમાર મોદીએ શાહીબાગ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.પી.ડાભી ચલાવે છે.

વાહન અકસ્માતમાં મૃત્યુઃ- **સમાચાર યાદી નં.૧૩૬/૨૦૨૨**

"કે" ટ્રાફીક પોલીસ સ્ટેશનઃ જયમીનભાઈ કિરીટભાઈ પંડ્યા (ઉ.વ.૪૧) (રહે.સાંઘાણી વ્રજભુમી બંગલોઝ અયોધ્યા રેસીડેન્સી પાસે વટવા ગામડી રોડ ન્યુ વટવા) તા.૨૦/૦૧/૨૦૨૨ કલાક ૯/૩૦ વાગ્યાના સુમારે નારોલથી પીરાણા તરફ જતા કોઝી હોટલ આગળ મેટ્રો સ્ટીલ ટ્રેડર્સ નજીકથી મોટર સાયકલ ચલાવી પસાર થઈ રહ્યા હતા ત્યારે બોલેરો પીકઅપ ગાડીના ચાલકે ગાડી પુરઝડપે અને બેદરકારીથી ચલાવી મોટર સાયકલને ટક્કર મારતા જયમીનભાઈ પંડ્યાને ગંભીર ઈજાઓ થતા સારવાર માટે તેમને એલ.જી.હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન કલાક ૧૨/૨૦ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગેની ફરીયાદ મૃત્યુ પામનાર જયમીનભાઈ પંડ્યાના પત્ની પ્રેરણાબહેન પંડ્યાએ "કે" ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ ઈ.પો.ઈ.શ્રી આર.એમ.રાઠવા ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૧૩૭/૨૦૨૨**

વસ્ત્રાપુરઃ નિશાબહેન વા/ઓ દક્ષેશભાઇ પટેલ (ઉ.વ.૩૦) (રહે. ગામ-કુણી તા-ગલતેશ્વર જી-ખેડા) બિમાર હોઈ તા.૧૯/૦૧/૨૦૨૨ ના રોજ બોડકદેવ જજીસ બંગલા ચાર રસ્તા ખાતે આવેલ અમદાવાદ કેન્સર હોસ્પીટલમાં દાખલ કરેલ હતા. તા.૨૦/૦૧/૨૦૨૨ બપોરના ૨/૩૦ વાગ્યાના સુમારે બિમારીથી કંટાળી હોસ્પીટલના ત્રીજા માળથી પડતુ મુકતા ગંભીર ઈજાઓ થતા સારવાર માટે તેમને સીવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન રાતના ૮/૦૦ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે વસ્ત્રાપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મદદનીશ પોલીસ કમિશનરશ્રી "ક" વિભાગ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.